પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૬૨ | ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩, સોમવાર; બીજો શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉત્તરાખંડમાં ગુજરાતના મુસાફરોની બસ ખીણમાં પડી

**૭ના મોત : ૨૮ જેટલા ઇજાગ્રસ્તોનું રેસ્ક્યૂ કરાયું : બસમાં સુરતના ત્રણ યાત્રી, ભાવનગરના ૮ યાત્રી, તળાજા-ત્રાપજ-કઠવાના ૧૬ યાત્રી અને મહુવાના ૨ યાત્રી સવાર હતા : રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મૃતકો અને ઈજાગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી**



ઉત્તરાખંડ, તા.૨૦

રાજ્યમાં અવારનવાર વાતાવરણમાં પલટો આવતો હોય છે. જેને કારણે લેન્ડસ્લાઈડિંગ સહિતની દુર્ઘટનાઓ બનતી હોય છે. ત્યારે ગંગોત્રી નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ગુજરાતી યાત્રિકો ભરેલી બસ ખીણમાં ખાબકી હતી. એસડીઆરએફ અને એનડીઆરએફ સહિતની તમામ ટીમો બચાવ કામગીરીમાં જોડાઈ ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉત્તરાખંડમાં બસ દુર્ઘટનાના મૃતકો અને ઈજાગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યકત કરી

ઉત્તરાખંડમાં બસ દુર્ઘટના અંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સંવેદના વ્યક્ત કરતાં એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, ઉત્તરાખંડમાં બસ ખીણમાં પડવાના લીધે ગુજરાતના યાત્રિકોએ જીવ ગુમાવ્યો તે કરુણ ઘટનાથી વ્યથિત છું. મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી આત્મીય સંવેદના વ્યક્ત કરું છું. ગુજરાત સરકાર આ ઘટનાને લઈને ઉત્તરાખંડ સરકાર સાથે સતત સંપર્કમાં છે. ઈજાગ્રસ્ત નાગરિકો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના.

### રાજ્ય સરકાર ઉત્તરાખંડ સરકારના સતત સંપર્કમાં

**દુર્ઘટનામાં ગુજરાતના જે પ્રવાસીઓ મૃત્યુ પામ્યા છે અને ઇજાગ્રસ્ત થયા છે તેમની વિગતો - જાણકારી માટે રાજ્ય સરકાર ઉત્તરાખંડ સરકારના સતત સંપર્કમાં છે : ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના ફોન ૦૭૯૨૩૨૫૧૯૦૦ પર સંપર્ક કરી શકાશે**

ગાંધીનગર, તા.૨૦

રાજ્યના રાહત કમિશનર શ્રી આલોક પાંડેએ આ અંગેની વિગતો આપતા કહ્યું છે કે પ્રાથમિક માહિતી પ્રમાણે સાત ગુજરાતી પ્રવાસીઓના મૃત્યુ થયા છે અને ૨૭ જેટલા પ્રવાસીઓ ઘાયલ થયા છે. ઉત્તરાખંડ રાજ્યના એસ.ડી આર. એફની બચાવ ટુકડીઓ બચાવ રાહત કામગીરીમાં જોડાઈ છે અને ઈજાગ્રસ્ત પ્રવાસીઓને વધુ સારવાર માટે ઋષિકેશ લઈ જવાની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.

તેમણે જણાવ્યું છે કે જે પ્રવાસીઓના મૃત્યુ થયા છે તેમની વિગતો મેળવવા ઉત્તરાખંડ સરકાર સાથે ગુજરાત સરકાર સંપર્કમાં છે.

ઉત્તરાખંડના રાહત કમિશનર પાસેથી મેળવેલી પ્રાથમિક માહિતી મુજબ આ ભાવનગરની એક ખાનગી ટ્રાવેલ્સની બસ દ્વારા આ ૩૩ જેટલા પ્રવાસીઓ ઉત્તરાખંડ ગયા હતા અને ત્યાંથી સ્થાનિક ખાનગી પ્રવાસી બસ મારફતે આગળનો પ્રવાસ કરતા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. ઉત્તરાખંડમાં રવિવારે સર્જાયેલી બસ દુર્ઘટનાના ગુજરાતી પ્રવાસીઓની જાણકારી અને વિગતો માટે રાજ્ય સરકારના ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ફોન ૦૭૯ ૨૩૨૫૧૯૦૦ પર સંપર્ક કરી શકાશે તેમ રાહત કમિશનર શ્રી આલોક પાંડેએ જણાવ્યું છે.

## રાહુલ ગાંધીના નિવેદન બાદ ઉગ્ર પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

**ચીન સાથેના તમારા સંબંધો દુનિયા જાણે છે : રાહુલ ગાંધી મગરના આંસુ વહાવે છે : પ્રધાન**

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ લદ્દાખમાં ચીન સાથેના સરહદ વિવાદને લઈને કેન્દ્ર સરકાર પર મોટુ નિવેદન આપ્યું હતુ. રાહુલ ગાંધીએ કહ્યું કે અહીંના લોકો કહે છે કે ચીની સેના લદ્દાખમાં ઘૂસી ગઈ છે અને તેમની ચારાની જમીન છીનવી લીધી છે. લદ્દાખમાં ચીન પર રાહુલ ગાંધીના આ નિવેદન પર ભાજપે સખત વાંધો ઉઠાવ્યો છે. રાહુલ ગાંધીના નિવેદન પર કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પલટવાર કર્યો છે. ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે આખી દુનિયા જાણે છે કે રાહુલના ચીન સાથે કેવા સંબંધો છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી મગરના આંસુ વહાવે છે. રાહુલ ગાંધી માત્ર દેશને બદનામ કરવા માંગે છે.

રાહુલ ગાંધીના નિવેદન પર નિવૃત લેફ્ટનન્ટ જનરલ સંજય કુલકર્ણીએ કહ્યું કે ભારત અને ચીન વચ્ચે વાતચીત ચાલી રહી છે. ડેમચોક અને ડેપસાંગ ખાતે પેટ્રોલિંગ પર પ્રતિબંધ છે, પરંતુ અમે હારી

● અનુસંધાન પાન-૭ પર

## મધ્યપ્રદેશ હવે વિકસિત રાજ્ય બન્યું : અમિત શાહ

**કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભોપાલમાં ગરીબ કલ્યાણ મહા અભિયાનની શરૂઆત કરી : સરકારના ૨૦ વર્ષના રિપોર્ટ કાર્ડ પણ રજૂ કર્યા : મધ્યપ્રદેશને બિમારુ શબ્દમાંથી મુક્ત કરવાનું કામ ભાજપ સરકારે કર્યું : અમિત શાહ**

ભોપાલ, તા.૨૦

કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહે રવિવારે ભોપાલમાં ગરીબ કલ્યાણ મહા અભિયાનની શરૂઆત કરી. આ સાથે તેમણે રાજ્યમાં ભાજપ સરકારના ૨૦ વર્ષના રિપોર્ટ કાર્ડ પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે અમિત શાહે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, કોંગ્રેસે એમપીમાં પોતાના શાસનનો હિસાબ આપવો જોઈએ. અમે એમપીને ૨૦ વર્ષ સુધી વિકસિત રાજ્યોની શ્રેણીમાં લાવ્યા છીએ.

પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહનું નામ લીધા વિના અમિત શાહે કહ્યું કે, "વર્ષ ૨૦૦૩માં મધ્યપ્રદેશના લોકોએ શ્રી બંટાધરની સરકારને હટાવીને એક ઐતિહાસિક નિર્ણય લીધો અને

● અનુસંધાન પાન-૭ પર




# રશિયાનું અંતરિક્ષ યાન લૂના-૨૫ ચંદ્રની સપાટી સાથે ટકરાઈને ક્રેશ

**રશિયાનું મિશન મૂન અસફળ : લૂના-૨૫ અંતરિક્ષ યાન ઈચ્છિત કક્ષાની જગ્યાએ અનિયંત્રિત કક્ષામાં ગયા બાદ ચંદ્રમાથી ટકરાઈને નષ્ટ**



મોસ્કો, તા.૨૦

રશિયાના મહત્વકાંક્ષી મૂન મિશન લૂના-૨૫ (Luna-25 Moon Mission) ફેલ થઈ ગયું છે. રશિયાની અંતરિક્ષ એજન્સી રોસ્કોસ્મોસ (Roscosmos)એ રવિવારે જણાવ્યું છે કે, લૂના-૨૫ અંતરિક્ષ યાન ઈચ્છિત કક્ષાની જગ્યાએ અનિયંત્રિત કક્ષામાં ગયા બાદ ચંદ્રમાથી ટકરાઈને નષ્ટ થઈ ગયું. આપને જણાવી દઈએ કે, ચાંદ પર સુરક્ષિત લેડિંગને લઈને લૂના- ૨૫ની ટક્કર ભારતના ચંદ્રયાન-૩ સાથે હતી. રશિયન અંતરિક્ષ યાનને પણ ચંદ્રમાની દક્ષિણી ધ્રુવ પર લેન્ડ કરવાનું હતું. પણ તે મિશન નિષ્ફળ રહ્યું. તે ૪૭ વર્ષો બાદ રશિયાનું પ્રથમ મૂન મિશન હતું.

રોસ્કોસ્મોસ દ્વારા લૂના-૨૫ને ચંદ્રમા પર લેન્ડિંગથી ઠીક પહેલાવાળા ઓર્બિટમાં સ્થળાંતરિત કરતી વખતે ઈમરજન્સી સ્થિતિનો સામનો કરવાની સૂચના મળ્યાના એક દિવસ બાદ આ ઘટનાક્રમ સામે આવ્યો છે. રોસ્કોસ્મોસના જણાવ્યા અનુસાર, લૂના- ૨૫ને ૨૧ ઓગસ્ટે ચંદ્રમાના દક્ષિણી ધ્રુવ પર ઉતરવાનું હતું. રશિયન સ્પેસ એજન્સીએ પહેલા કહ્યું હતું કે, મિશનને એક અસામાન્ય સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. જ્યારે લૂના-૨૫ ઈચ્છિત ઓર્બિટની જગ્યાએ બીજા પથ પર ચાલ્યું હતું અને રોસ્કોસ્મોસના કંટ્રોલથી બહાર થઈ ગયું હતું.


● અનુસંધાન પાન-૭ પર

## ભારતનું ચંદ્રયાન-૩ ફક્ત ૨૫ કિ.મી. ચંદ્રથી દૂર છે

**લેન્ડર વિક્રમે પોતાને નવી કક્ષામાં કર્યું સ્થાપિત : અંતિમ ડીબુસ્ટિંગ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું થઈ ગયું**

નવી દિલ્હી, તા.૨૦

વિક્રમ લેન્ડર હવે ચંદ્રથી ફક્ત ૨૫ કિલોમીટર દૂર છે. બીજી બાજુ રશિયાના ચંદ્રયાન લૂના ૨૫માં ટેક્નિકલ ખામી આવવાના કારણે તે રસ્તો ભટકી ગયું છે. ચંદ્રયાન ૩નો બીજો અને અંતિમ ડીબુસ્ટિંગ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું થઈ ગયું. ઈસરોના વૈજ્ઞાનિકોએ બુધવારે ચંદ્રમાની સપાટી પર અંતરિક્ષ યાનને ઉતારતા પહેલા મહત્વપૂર્ણ તબક્કાની ઊંડાણપૂર્વક નિગરાણી કરી. લેન્ડર વિક્રમે પોતાને એક એવી કક્ષામાં સ્થાપિત કરી દીધુ છે જ્યાંથી ચંદ્રમાનું નજીકનું અંતર ૨૫ કિમી અને સૌથી દૂરનું અંતર ૧૩૪ કિમી છે. ઈસરોએ કહ્યું છે કે આ કક્ષાથી તે બુધવારે ચંદ્રમાના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગની કોશિશ કરશે.




ઈસરોએ એક્સ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટ શેર કરીને કહ્યું કે બીજા અને અંતિમ ડીબુસ્ટિંગ ઓપરેશને લેન્ડર મોડ્યુલની કક્ષાને સફળતાપૂર્વક ૨૫ કિમી ૪ ૧૩૪ કિમી સુધી ઓછી કરી છે. મોડ્યુલે આંતરિક તપાસમાંથી પસાર થવું પડશે અને નિર્દિષ્ટ લેન્ડિંગ સ્થળ પર સૂર્યોદયની રાહ જોવી પડશે. આ સાથે જ ઈસરોએ જણાવ્યું કે અહીંથી ૨૩ ઓગસ્ટ સાંજે ૫.૪૫ વાગે લેન્ડિંગની કોશિશ કરવામાં આવશે.

શુક્રવારે પહેલા ડીબુસ્ટિંગ ઓપરેશન દરમિયાન ઈસરોના પૂર્વ પ્રમુખ કે સિવને જણાવ્યું હતું કે ચંદ્રયાન ૩ લેન્ડરની ડિઝાઈન એ જ છે જે ગત ચંદ્રયાન ૨ મિશનમાં ઉપયોગમાં લેવાઈ હતી. તેમણે કહ્યું કે ડિઝાઈનમાં કોઈ ફેરફાર નથી.

## કોંગ્રેસ વર્કિંગ કમિટીની જાહેરાત કરવામાં આવી : ગુજરાતના બે નેતાને સ્થાન મળ્યું

**કોંગ્રેસે આ વર્ષે યોજાનારી ચૂંટણી અને આગામી વર્ષે ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી માટે તેની નવી ટીમ તૈયાર કરી છે**

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસે આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી અને આગામી વર્ષે ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી માટે તેની નવી ટીમ તૈયાર કરી છે. કોંગ્રેસની નવી કાર્યકારી સમિતિની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત કુલ ૩૯ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં ગુજરાતમાંથી જગદીશ ઠાકોર અને દીપક બાબરિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ, કોંગ્રેસથી નારાજ આનંદ શર્મા અને શશિ થરૂર સહિત જી-૨૩ના ઘણા નેતાઓને પણ આ કાર્ય સમિતિમાં સ્થાન મળ્યું છે. CWCની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. કોંગ્રેસમાં આ સૌથી મોટી નિર્ણય લેનારી સમિતિ છે. જો કે આ નવી કમિટીમાં જૂની કમિટીમાં બહુ ફેરફાર કરવામાં આવ્યા નથી. યાદી જાહેર કરતા પહેલા છેલ્લા ઘણા મહિનાઓથી બેઠકોનો દોર ચાલી રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથે ઘણી બેઠકો કરી હતી.

CWCમાં મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, મનમોહન સિંહ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, એકે એન્ટોની, અંબિકા સોની, અધીર રંજન ચૌધરી, દિગ્વિજય સિંહ, ચરણજીત સિંહ ચન્ની, આનંદ શર્મા સહિત કુલ ૩૯ નેતાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૩૨ કાયમી આમંત્રિત, ૯ વિશેષ આમંત્રિત, યુથ કોંગ્રેસ, NSUI, મહિલા કોંગ્રેસ અને સેવાદળના પ્રમુખોને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## અલ નિનોની અસર : ઓગસ્ટમાં સમગ્ર ભારતમાં ઓછો વરસાદ

**આ વખતનો ઓગસ્ટ મહિનો મોટા ભાગે કોરો ગયો છે : ૨૧થી ૨૮ ઓગસ્ટ વચ્ચે ચોમાસુ વધારે નબળું પડશે**

નવી દિલ્હી, તા.૨૦

એક મહિના અગાઉ ભારતના ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ હતી, પરંતુ ઓગસ્ટ મહિનામાં ચિત્ર એકદમ બદલાઈ ગયું છે. આ વખતનો ઓગસ્ટ મહિનો મોટા ભાગે કોરો ગયો છે અને વરસાદના આંકડા જોવામાં આવે તો કદાચ સૌથી ખરાબ દેખાવ નોંધાયો છે. હવામાન ખાતાના મોડેલ પ્રમાણે ૨૧ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ વચ્ચે ચોમાસુ વધારે નબળું પડશે. છેલ્લા ૧૨ દિવસથી મોટા ભાગના વિસ્તારોમાં કોઈ વરસાદ નથી. છેલ્લા ૧૪ વર્ષમાં આવું પહેલી વખત બન્યું છે કે ઓગસ્ટ મહિનામાં સળંગ ૧૨ દિવસ સુધી વરસાદ પડ્યો ન હોય.

આખા દેશનું પરફોર્મન્સ જોવામાં આવે તો ઓગસ્ટ મહિનામાં લગભગ ૩૬ ટકા જેટલી વરસાદની ઘટ છે. હવામાન ખાતાના ટોચના અધિકારીઓ જણાવે છે કે ઓગસ્ટ ૨૦૨૩ એ કદાચ ભારતના ઈતિહાસમાં સૌથી સૂકો મહિનો સાબિત થશે.

જાણીતા હવામાનશાસ્ત્રી અને અર્થ સાયન્સિસ મંત્રાલયના ભૂતપૂર્વ સેક્રેટરી એમ રાજીવને જણાવ્યું કે ઓગસ્ટ ૨૦૨૩માં લગભગ ૪૦ ટકા જેટલી વરસાદની ઘટ પડશે. ૨૦૦૫માં વરસાદની ઘટ ૨૫ ટકા હતી અને આ વખતે આંકડો વધી ગયો છે. ઓગસ્ટ ૨૦૨૩માં ભારતમાં સરેરાશ માત્ર ૧૦૬ મીમી વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર સમાચાર

જાહેર નોટીસ / કોર્ટ નોટીસ

રૂ. ૭૮૦/-

૨ કોલમ X ૬ સે.મી. (ફિક્સ) B&W

રૂ. ૧૩૦૦/-

૨ કોલમ X ૧૦ સે.મી. (ફિક્સ) B&W

ત્યારબાદ ઉપરના વધારાના પ્રતિ કોલમ X સે.મી.ના રૂ. ૬૨/- ચાર્જ રહેશે

જાહેરાત આપવા સંપર્ક

બ્લોકનં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

મો. 98797 97884, ફોન. : 079-2322251